suvidhaa

**Date: November 13, 2023**

| To | To |
| --- | --- |
| **BSE Limited**<br>Phiroze Jeejeebhoy Towers<br>Dalal Street, Mumbai-400 001<br>**Scrip Code: 543281** | **National Stock Exchange of India Ltd**.<br>Plot No. C1, Exchange Plaza<br>G Block, Bandra Kurla Complex<br>Bandra (East), Mumbai - 400 051<br>**Symbol: SUVIDHAA** |

**Sub: <u>Copy of Financial Results (Consolidated and Standalone) Published in Newspapers</u>**
**Ref: <u>Regulation 47 of SEBI (listing Obligations and Disclosure Requirements) Regulations, 2015</u>**

Please be informed that, pursuant to Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed copies of Un-audited Financial Results (Consolidated and Standalone) of our Company for the quarter and half year ended September 30, 2023 as reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on Saturday, November 11, 2023. The same has been published in "Freepress Journal" – English and "Lok mitra" Gujarati editions on Monday, November 13, 2023.

**For Suvidhaa Infoserve Limited**

HARISH
RAMESH
CHALAM


Digitally signed by HARISH RAMESH CHALAM
DN: c=IN, o=Personal, title=3174,
pseudonym=7E32C9B8D45B870222BEC5D41197B894
B41E9553,
2.5.4.20=15f2ea4e807f50a4b3758708b4151e461533a
1e587171f459ffd94aee1c7a3ec, postalCode=400606,
st=Maharashtra,
serialNumber=24A375F44B5D8F746F2A16122EDA2C
115EF07CC5AC24727673156701292BC7EF,
cn=HARISH RAMESH CHALAM
Date: 2023.11.13 15:26:11 +05'30'


**Harish Chalam**
**Company Secretary & Compliance Officer**
**Membership No.: A61487**
Place: Mumbai

Encl.: a/a

# સંપાદકીય

## અનામતની સીમા

બિહાર વિધાનમંડળમાં જાતિગત, આર્થિક, શૈક્ષણિક સર્વે રિપોર્ટનો આંકડો જાહેર કરતાં મુખ્યમંત્રી નીતિશ કુમારે ઓબીસી, ઈબીસી તથા એસસી, એસટી માટે અનામતનો દાયરો ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાની જે જાહેરાત કરી છે, તેનાથી કુલ અનામત ૭૫ ટકા થઈ જવાનું છે. વળી, આ અનામતની અસર માત્ર બિહાર સુધી જ સીમિત નથી રહેવાની, પરંતુ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે અને લોકસભા ચૂંટણીઓ પહેલાં તેના દ્વારા વિપક્ષી ગઠબંધન એક રાજકીય સંદેશ આપવાની કોશિશ કરી રહ્યો છે. આ સર્વેથી નોકરી, શિક્ષણ અને આવકમાં હિસ્સેદારી કરી જે તસવીર સામે આવી છે, એ જ આધાર પર બિહાર સરકાર અનામતની સીમા વધારવાનું વિધેયક લાવી રહી છે. ભાજપ સહિત બીજા પક્ષો બિહારમાં થયેલ આ સર્વેનો વિરોધ નથી કરી રહ્યા, એના પરથી સમજી શકાય છે, કારણ કે એ જાણવું જરૂરી છે કે કુલ આબાદીમાં કોની હિસ્સેદારી કેટલી છે અને તેમની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ શી છે.

પરંતુ સર્વે રિપોર્ટના આધાર પર અનામતનો દાયરો વધારવા માટે વિધેયક લાવવું સામાજિક બહેતરીને બદલે પોતાનાં રાજકીય હિતો સાધવાની જ કોશિશ વધારે લાગે છે. અનામતની શરૂઆત સામાજિક વિષમતા ખતમ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી અને એનો પણ ઈનકાર નહીં કે તેના દ્વારા સામાજિક સશક્તીકરણનો ઉદ્દેશ્ય એક હદ સુધી પૂરો પણ થયો છે. પરંતુ અનામતને કારણે પછાત વર્ગોમાં એક મલાઈદાર વર્ગ પણ પેદા થઈ ગયો છે, જેનાથી વાસ્તવિક પછાત વર્ગ તેના લાભથી વંચિત રહી જાય છે અને મલાઈદાર વર્ગ જ મોટાભાગની 'મલાઈ' ખાઈ જાય છે. વળી તમામ રાજકીય પાર્ટીઓએ અનામતને જે રીતે પોતાની રાજનીતિનું ઓજાર બનાવી લીધું છે, તે ચિંતાજનક છે. ક્યાં સામાજિક સશક્તીકરણ પૂરું થતાં અનામતને ખતમ કરવાની વાત કરવામાં આવી હતી અને ક્યાં રાજકીય લાભ માટે તેની સીમા સતત વધારવામાં આવી રહી છે. સર્વોચ્ચ ન્યાયાલયે એક માપદંડ નક્કી કરવામાં આવ્યો હતો કે અનામત ૫૦ ટકાથી વધારે ન હોવી જોઈએ, નહીં તો તે સામાન્ય વર્ગ માટે અન્યાય સમાન ગણાશે. પરંતુ હવે તો રાજકીય પક્ષો એ હદને વળોટી જવા ધમપછાડા કરી રહ્યા છે અને તેમને કશાની પરવા રહી નથી. જાતિગત અનામતની સીમાને ૫૦ ટકાથી વધારના કાયદો સુપ્રીમ સમક્ષ ટકશે કે નહીં તે ખબર નહીં, પણ પછાતપણું દૂર કરવાનો એકમાત્ર ઉપાય અનામત તો નથી જ. જે બિહાર પછાતોના હિતોની રાજનીતિનો મજબૂત ગઢ રહ્યો છે, ત્યાંથી અનામતની સીમા વધારવાનું આ પગલું બીજાં રાજ્યોને તો પ્રભાવિત કરશે જ, સાથે જ વિપક્ષી ગઠબંધન તેના દ્વારા ભાજપ પર દબાણ પણ વધારવા માંગે છે. ભાજપે સર્વે રિપોર્ટના આંકડાઓની વિશ્વસનીયતા પર જે રીતે સવાલ ઉઠાવ્યા છે, તે તેની ચિંતા વિશે દર્શાવે છે, અનામતનો દાયરો વધારવાનો ફેંસલો બિહારમાં પછાત સમાજના હિતમાં હોય કે નહીં, ચૂંટણીઓમાં આ મોટો મુદ્દો બનવા જઈ રહ્યો છે એમાં શંકા નહીં.

## સોનાનો કૃત્રિમ ઉછાળા

દીપોત્સવની શૃંખલા શરૂ થઈ ગઈ છે. બજારમાં ભીડ દેખાય છે ,પરંતુ એ ભીડ ગ્રાહકોની નથી, સતત જિંદગીની દડમજલમાં ચાર છેડા ભેગા કરવા ચાહતા સામાન્ય નાગરિકની છે. એક જમાનો હતો કે દિવાળીના તહેવારોમાં અમદાવાદના ત્રણ દરવાજે આખા દિવસ દરમિયાન લાખો લોકો પસાર થતા હતા અને એમાંનો દરેક નાગરિક મહત્વનો ગ્રાહક હતો. આજકાલની ભીડમાંથી ગ્રાહકોને શોધવા મુશ્કેલ છે, કારણ કે એની ટકાવારી ઘટતી જાય છે. હવે જમાનો બદલાઈ ગયો છે. પપ્પા કે મમ્મીને ખબર ન હોય એમ ઓનલાઈન પોર્ટલમાંથી સંતાનો પોતાને માટે સીધી જ ખરીદી કરી લે છે. છેલ્લા કેટલાક સમયથી સોનાના ભાવ જે રીતે વધી રહ્યા છે તે જોતાં આગળ જતાં એ ક્યાં પહોંચશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. સોનુ હવે તળિયેથી નળિયે પહોંચ્યું છે. ક્યારેક ઘટીને જરાક નીચે પણ આવી જાય છે. સોનાએ આ અભૂતપૂર્વ ઊંચાઈ હાંસલ કરી છે, પરંતુ સાથોસાથ સોનું હવે ઘણા લોકો માટે સપનાનો વિષય બની જશે તો એની મૂળભૂત ઘરાકી તો તૂટી જશે. જે હાલત રિયલ એસ્ટેટમાં થઈ અને મોટા પ્રોજેક્ટના બિલ્ડરો આજે ચોધાર આંસુએ રડે છે અને રાતભર જાગતા રહે છે, એ હાલત આ બજાર, ઝવેરીઓની ન કરે તે પણ ચિંતાનો વિષય છે. મધ્યમ વર્ગ માટે બે રૂમ રસોડું ખરીદી શકાય એવી બજાર હોય તો બાંધકામ ક્ષેત્ર ટકે પરંતુ એમ થયું નહીં. સોનાના ભાવને ઊંચે લઈ જવા માટે જે રિંગ બની છે એનાથી કોઈ અજાણ નથી પણ એ રિંગ વાસ્તવિક ડિમાન્ડને લાંબાગાળા માટે ખતમ કરશે ત્યારે સોનાની ચમક તો રહેશે પણ ઝવેરીઓ ઝાંખા પડી જશે.

# નીતિશના સવર્ણોમાં ભાગલાના દાવથી ભાજપ ચિંતિંત

નવીદિલ્હી : નીતિશ કુમારે બિહાર વિધાનસભામાં બિહારમાં અનામતનું પ્રમાણ વધારવાનો ખરડો રજૂ કરીને અનામત મુદ્દે ફરી ચર્ચા જગાવી છે. સાથે સાથે ભાજપની ચિંતા વધારી દીધી છે કેમ કે નીતિશે સવર્ણોમાં વિભાજન કરીને ભાજપની મતબેંક પર તરાપ મારવાનો દાવ ખેલી નાંખ્યો છે.

બિહાર વિધાનસભામાં રજૂ કરાયેલા ખરડા પ્રમાણે નીતિશે અત્યંત પછાત વર્ગનું પ્રમાણ હાલના ૧૦ ટકાથી વધારીને સીધું ૨૫ ટકા કરવાની દરખાસ્ત મૂકી છે. નીતિશની ગણતરી અત્યંત ગરીબ બ્રાહ્મણ, ભૂમિહાર, વણિક, રાજપૂત સહિતના સવર્ણોને અત્યંત પછાત વર્ગમાં આવરી લેવાની છે. આ મતદારો પરંપરાગત રીતે ભાજપના મતદારો છે. આ સિવાય ૧૦ ટકા ઈબીસી અનામત તો રહેશે જ. અનામતનું પ્રમાણ વધવાથી ગરીબ સવર્ણ મતદારો નીતિશની પંગતમાં બેસી જશે એવો ભાજપને ડર છે. સવર્ણ મતદારોને જેડીયુ તરફ ઢળતા રોકવા શું કરવું એ અંગે ભાજપમાં મનોમંથન ચાલી રહ્યું છે પણ કોઈ રસ્તો સૂઝતો નથી. નીતિશે ઓબીસી અનામત ૧૮ ટકા અને એસસી અનામત ૨૦ ટકા કરવાની દરખાસ્ત પણ મૂકી છે.

નીતિશે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી કરાવીને મોટો દાવ ખેલી નાંખ્યો છે. કોંગ્રેસ સહિતના બીજા વિપક્ષો પણ આ રસ્તે આગળ વધવાની તૈયારીમાં લાગેલા છે. તેના કારણે ભાજપની પરંપરાગત મતબેંકમાં ગાબડાં પડવાની શક્યતા છે ત્યારે ભાજપમાં આ દાવને કઈ રીતે ખાળવો તેનું મનોમંથન શરૂ થયું છે.

ભાજપનો એક વર્ગ આ દાવને ખાળવા માટે અડવાણી ફોર્મ્યુલા અપનાવવાની તરફેણ કરી રહ્યો છે. વી.પી. સિંહે ૧૯૯૦માં મંડલ પંચના રીપોર્ટનો અમલ કરીને ઓબીસી અનામતનો દાવ ખેલ્યો ત્યારે ભાજપે વળતો પ્રહાર કરીને હિંદુત્વનું કાર્ડ ખેલેલું. લાલકૃષ્ણ અડવાણીએઓ સોમનાથથી અયોધ્યાની રથયાત્રા કાઢીને દેશભરમાં હિંદુત્વની લહેર ઉભી કરી નાંખી હતી.

ભાજપમાં એક વર્ગ માને છે કે, નીતિશના દાવને ખાળવા પણ ભાજપે હિંદુત્વની લહેર ઉભી કરવી જરૂરી છે. નહિંતર લોકસભાની ચૂંટણીમાં ભાજપના મતોમાં વિભાજન થશે અને વિપક્ષોને ફાયદો થશે. હિંદુત્વની લહેર ઉભી કરવા શું કરવું એ મુદ્દે સ્પષ્ટતા નથી પણ તેના સિવાય ઉપાય નથી એવું આ નેતા માને છે.

મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકાર મરાઠા અનામત માટે આંદોલન ચલાવી રહેલા મનોજ જરાંગે-પાટીલના નવા અલ્ટિમેટમથી ચિંતામાં છે. મનોજે શિંદે સરકારને અલ્ટિમેટમ આપ્યું છે કે, ૨૪ ડીસેમ્બર સુધીમાં મરાઠા અનામતની જાહેરાત નહીં કરાય તો ફરી પ્રચંડ આંદોલન શરૂ કરાશે અને આ વખતે કોઈ ખાતરીને આધારે નહીં પણ મરાઠા અનામતની જાહેરાત થશે તો જ આંદોલન સમેટાશે. મનોજં એવી ચીમકી પણ આપી છે કે, શિંદે સરકાર મરાઠાઓને અનામત નહીં આપે તો મરાઠાઓને અનામતમાં વિલનરૂપ નેતાઓનાં નામ જાહેર કરી દેવાશે. મનોજની આ ચીમકીથી ભાજપ, શિવસેના અને એનસીપીના ઘણા નેતા ચિંતામાં છે.

ભાજપનું કહેવું છે કે, શિંદે સરકાર માટે મનોજ જરાંગેની માગણી માનવામાં ઈધર કૂઆં, ઈધર ખાઈ જેવી હાલત છે કેમ કે મનોજ જરાંગે મરાઠાઓ માટે અનામત ઓબીસી ક્વોટામાંથી માગે છે. શિંદે સરકાર ઓબીસી ક્વોટામાંથી અલગ અનામત આપવા જાય તો ઓબીસી ભડકે ને ના આપે તો મરાઠા પાછા મેદાનમાં આવી જશે.

ઉત્તરાખંડમાં એક તરફ ભૂસ્તર સાથે થઈ રહેલાં ચેડા સામે ભૂસ્તરશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે ત્યારે બીજી તરફ મુખ્યમંત્રી પુષ્કર ધામી નવું રોકાણ લાવવા માટે મચી પડયા છે. ધામીએ હમણાં મુંબઈમાં રોડ શો કરીને ટોચના ઉદ્યોગપતિઓને ઉત્તરાખંડમાં પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે વિનંતી કરી. ધામીના રોડ શો દરમિયાન અલગ અલગ સેક્ટરના ઉદ્યોગો સાથે ઉત્તરાખંડ સરકારે ૩૦ હજાર કરોડના એમઓયુ કર્યા હોવાની જાહેરાત પણ કરાઈ. ધામીએઓ આ પ્રસંગે ખાતરી પણ આપી કે, ઉદ્યોગો બેફિકર બનીને ઉત્તરાખંડમાં આવે, અમારી પાસે જમીનની કમી નથી.

નિષ્ણાતોના મતે, ધામી ઉત્તરાખંડના પર્યાવરણની પત્તાર ખાંડવા બેઠા હોય એવું લાગે છે. ઉત્તરાખંડ પાસે છૂટા હાથે વેરાયેલું કુદરતી સૌંદર્ય છે એ જોતાં પ્રવાસનને લગતા પ્રવૃત્તિઓ વધારીને આર્થિક વિકાસ કરવાના બદલે ધામી ઉદ્યોગોનો નોંતરી રહ્યા છે. તેના કારણે ભૂસ્તર ખોરવાશે અને ઉત્તરાખંડની હાલત બગડી જશે.

એક્ટ્રેસ કંગના રાણાવત હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ૨૦૨૪ની ચૂંટણીમાં ઝંપલાવી શકે છે એવા અહેવાલો વચ્ચે મંડીનાં સાંસદ પ્રતિભા સિંહે કંગનાને પોતાની સામે મેદાનમાં આવવા પડકાર ફેંક્યો છે. પ્રતિભા સિંહ હિમાચલ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પણ છે. હિમાચલ પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિરભદ્રસિંહના પત્ની પ્રતિભા સિંહે ભાજપના રામસ્વરૂપ શર્માના નિધનના કારણે ખાલી પડેલી બેઠક પર ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં જીત મેળવી હતી. કંગના ભાજપની સમર્થક હોવાથી પ્રતિભાએ કટાક્ષ પણ કર્યો કે, કંગનાએ મેદાનમાં ઉતરતાં પહેલાં ક્યા પક્ષની ટિકિટ પર લડવું જોઈએ એ અંગે બરાબર વિચારવાની જરૂર છે.

ભાજપનાં સૂત્રોનું કહેવું છે કે, મંડી લોકસભા બેઠક પરથી કંગનાને ટિકિટ આપવા ભાજપ તૈયાર જ છે પણ કંગના પોતે મંડીમાંથી લડવા તૈયાર નથી. મંડી સિંહ પરિવારનો ગઢ હોવાથી પ્રતિભાને હરાવી નહીં શકાય એવું કંગનાને લાગે છે. આ કારણે કંગના કાંગરામાંથી લડવા માગે છે. શિમલા એસસી માટે અનામત છે જ્યારે હમીરપુર અનુરાગ ઠાકુરની સીટ હોવાથી કંગનાને એ મળવાની નથી.

નીતિશ કુમારે બિહારમાં પ્રજનન દર અંગે કરેલી ટીપ્પણીને કારણે હોબાળો થયો છે ત્યારે નીતિશના સાથી લાલુ પ્રસાદ યાદવનો જૂનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં લાલુ પ્રસાદ યાદવ યોગી આદિત્યનાથને મંદિરમાં ઘંટી વગાડનારા તરીકે સંબોધ્યા હતા.

યોગી આદિત્યનાથે ૨૦૧૦માં લોકસભામાં વિપક્ષી નેતાઓને સંબોધીને કહેલું કે, શરદજી, લાલુજી અને મુલાયમજી, આપણે બધા સંસદમાં બેસીને સમય બરબાદ કરી રહ્યા છીએ. આ સાંભળીને ઉભા થઈ ગયેલા લાલુપ્રસાદે યોગીને તુંકારે બોલાવીને એ સાધુ બાબા કહીને સંબોધ્યા હતા. એ પછી લાલુએ કહેલું કે, સાધુ બાબા તમારું કામ મંદિરમાં ઘટડી વગાડવાનું છે એ કરો.

લાલુના આ વીડિયો અંગે લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે, લાલુએ જેમને ઘંટડી બજાવવાની સલાહ આપી હતી એ બાબા અત્યારે યુપીમાં માફિયાઓની બજાવી રહ્યા છે અને બીજી તરફ લાલુ હમણાં જ જેલમાંથી બહાર આવ્યા છે

આસામના મુખ્યમંત્રી અને ભાજપ નેતા હિમન્તા બિશ્વા સરમાએ બિહારના મુખ્યમંત્રી પદેથી નીતિશકુમારને ખસેડવાની માગણી કરી છે. સરમાએ મધ્યપ્રદેશમાં જણાવ્યું કે માણસ મુખ્યમંત્રીના પદ માટે માનસિક સજ્જ હોવો જોઈએ. નીતિશકુમાર હાલમાં માનસિક સજ્જ ન હોવાનું જણાયછે. એમણે વસ્તી નિયંત્રણના સંદર્ભે કરેલી ટિપ્પણી પરથી લાગે છે કે તેઓ બીમાર છે. આવી વ્યક્તિને રાજ્ય ચલાવવા માટે સોંપવું જોઈએ નહીં. એમણે આવો બફાટ આ કંઈ પહેલીવાર કર્યો નથી. નિતિશે માનસિક સમતુલા ગુમાવી દીધી છે. જેડી (યુ)ના નેતાઓને વિનંતી કે એમને આરામ અને સારવાર પૂરા પાડવામાં આવે. એમ સરમાએ ઉમેર્યું.

બિહારની નીતિશકુમાર સરકાર દ્વારા કરાવાતી જાતિ આધારિત વસ્તી ગણતરીના પગલે પછાત વર્ગો એમની તરફેણ ના કરવા માંડે એ આશયથી ભાજપે ત્રિપાંખિયો વ્યૂહ ઘડી કાઢ્યો છે. વ્યૂહ મુજબ, પહેલા તો નીતિશ સરકાર દ્વારા બહાર પડાનારી વિગતોની વિશ્વસનીયા સામે શંકા ઊભી કરાય. આમાં ઈબીસી (એક્સ્ટ્રીમલી બેકવર્ડ ક્લાસીસ) ની ઘટેલી સંખ્યા, જ્યારે યાદવો તથા મુસ્લિમોની વધેલી સંખ્યા અંગે પ્રશ્નો ઉઠાવાય. વળી, ભાજપને ઓબીસી (અન્ય પછાત વર્ગો)ના કામકાજ બાબતે સાચુકલા નિષ્ણાતરૂપે દર્શાવાય. આ બધુ વિપક્ષો દ્વારા લોકસભાની ૨૦૨૪ની ચૂંટણી અગાઉ રાષ્ટ્રવ્યાપી જાતિ આધારિત વસ્તી ગણતરી માટે કરાઈ રહેલી માગણી વિષે ભાજપે કરેલી કાળજીપૂર્વકની કવાયતના ભાગરૂપ છે. આથી મંગળવારે મોજણીની સામાજિક-આર્થિક વિગતો બિહાર વિધાનસભામાં રજૂ થઈ એ પછી મુખ્યમંત્રી નીતિશકુમાર જાહેર કરેલી ક્વોટા-વૃદ્ધિ તથા રોકડ સહાયને ભાજપે ટેકો આપ્યો છે.

લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩.૩૩ ટકા બેઠકો આરક્ષિત કરવા મુદ્દે યશ લેવા રઘવાયા થયેલા ભાજપ અને કોંગ્રેસ, હાલમાં યોજાઈ રહેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટે અપેક્ષિત સંખ્યામાં મહિલા ઉમેદવારોને ઊભા રાખવામાં અતિશય ઊણા ઊતર્યા છે. બંને પક્ષોએ ૧૨ ટકા કરતાં ઓછા સ્ત્રી-ઉમેદવારોને ટિકિટ આપી છે. આ પાંચ રાજ્યોની કુલ ૬૭૯ બેઠકો પૈકી ભાજપે ફક્ત ૮૦ મહિલા ઉમેદવારો, જ્યારે કોંગ્રેસે ૭૪ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઊતાર્યા છે.

રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારના ઈશારે કામ કરતી કેન્દ્રીય એજન્સીઓ (ઈડી, સીબીઆઈ, આઈટી)ના કથિત દુરુપયોગ બાબત કોંગ્રેસે બુધવારે ચૂંટણીપંચને રજૂઆત કરી. પક્ષના પ્રતિનિધિ મંડળે મહાદેવ બેટિંગ (સટ્ટા) એપ કેસના સંદર્ભે હાલમાં પડાયેલા દરોડા અંગે ચિંતા વ્યક્ત કરી. આના પગલે ચૂંટણી દરમિયાન બધા રાજકીય પક્ષોને લાગુ પડતી એક સમાન નીતિના ધોરણો નહિ જળવાયા હોવાનો, પ્રતિનિધિ મંડળે આક્ષેપ કર્યો.

ઓડિશા વિધાનસભાના નાયબ અધ્યક્ષ રજનીકાંત સિંઘે બુધવારે હોદ્દા પરથી રાજીનામું આપતા જણાવ્યું કે પોતે આ બંધારણીય પદ પર હોવાથી લોકસભાની ૨૦૨૪ની ચૂંટણી અગાઉ પક્ષની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શક્તા નથી. અગાઉ, ચાર વાર બીજેડી( બીજુ જનતા દળ)ના ધારાસભ્ય રહી ચૂકેલા સિંઘને ધેનકાનાલ લોકસભા બેઠક પરથી ઊભા રાખવા માટે પક્ષ વિચારી રહ્યો હોવાની ધારણાઓ વચ્ચે રાજીનામું આવી પડયું છે.

# પેલેસ્ટાઈનીઓને મોતના મોંમાં ધકેલી હમાસના નેતાઓની કતારમાં ઐયાશી

ઈઝરાયલના હુમલામાં બચી ગયેલા પેલેસ્ટાઈની રાહત છાવણીઓમાં રહે છે. તેમના માટે પૂરતા પ્રમાણમાં ભોજન નથી કે પાણી નથી ને બીજી તરફ હમાસના નેતા કતાર અને તુર્કીમાં મહેલો જેવાં ઘરોમાં એશોઆરામ ફરમાવી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ચલાવાતી સ્કૂલોમાં બનાવાયેલી રાહત છાવણીઓમાં ઠલવાયેલાં લોકો માટે ટોઈલેટ જેવી પાયાની જરૂરીયાત પૂરતા પ્રમાણમાં નથી ત્યારે હમાસના નેતા બીજા દેશો પાસેથી મળી રહેલી સહાય શસ્ત્રો ખરીદવામાં વાપરી રહ્યા છે અને પોતાનાં ઘર ભરી રહ્યા છે. ઈઝરાયલનો આ વીડિયો મુસ્લિમ રાષ્ટ્રોમાં પણ જોરદાર વાયરલ થયો છે. હમાસ અને ઈઝરાયલ વચ્ચેનું ગાઝા સ્ટ્રીપમાં ચાલી રહેલું યુધ્ધ ભીષણ બની રહ્યું છે ત્યારે ઈઝરાયલે હમાસ સામે એક નવું યુદ્ધ છેડી દીધું છે. ઈઝરાયલે હમાસના નેતાઓને બેનકાબ કરવાનું અભિયાન આદર્યું છે. તેના ભાગરૂપે હમાસના નેતાઓની સંપત્તિ, લેવિશ લાઈફસ્ટાઈલ વગેરેની વિગતો બહાર પડાઈ રહી છે. સામે પેલેસ્ટાઈનનાં લોકો કેવી તકલીફો વેઠી રહ્યાં છે તેની વિગતો પણ બહાર પડાઈ રહી છે. ઈઝરાયલે પેલેસ્ટાઈનને હમાસથી મુક્ત કરાવવાની ઝુંબેશના ભાગરૂપે આ ઝુંબેશ શરૂ કરી છે.

આ વ્યૂહરચનાના ભાગરૂપે ઈઝરાયલે સોશિયલ મીડિયા પર વાયરલ કરેલા એક વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે. આ વીડિયોમાં સવાલ કરાયો છે કે, ઈઝરાયલ સામે લડવા માટે હમાસને દુનિયાભરમાંથી કરોડો ડોલર મળી રહ્યા છે ત્યારે આ નાણાં ક્યાં જાય છે ? વીડિયોમાં જ તેનો જવાબ અપાયો છે કે, આ નાણાં હમાસના ટોચના નેતાઓના ખિસ્સામાં જાય છે.

વીડિયોમાં કરાયેલા દાવા પ્રમાણે અબુ મરઝૌક, ખાલિદ મસાલ અને ઈસ્માઈલ હાનિયેહ એ ત્રણ નેતાઓ પાસે જ કુલ મળીને ૧૧ અબજ ડોલરની સંપત્તિ છે. મસાલ અને હાનિયેહ હમાસના સર્વોચ્ચ નેતા છે જ્યારે મરઝૌક પોલીટિકલ બ્યૂરોનો હેડ છે. ઈઝરાયલે આ ત્રણ નેતા ઉપરાંત બીજા પાંચ નેતા તાલેલ અલ-હિંદી, અઝ્ઝામ અલ-અકરાહ, સાલાહ બરદાવિલ, તાહેર અલ-નુનુ, ખલિલ અલ-હિયાને પણ નિશાન બનાવ્યા છે. આ બધા નેતા કતાર કે તુર્કીમાં રહે છે.

આ પૈકી મસાલ અને હાનિયેહ પાસે ૪-૪ અબજ ડોલરની જ્યારે મરઝૌક પાસે ૩ અબજ ડોલરની સંપત્તિ છે. હમાસ ઈસ્લામિક સ્ટેટ પછી દુનિયામાં સૌથી અમીર આતંકવાદી સંગઠન છે. હમાસની આવક વરસની ૧ અબજ ડોલર છે છતાં હમાસના નિયંત્રણ હેઠળની ગાઝા સ્ટ્રીપમાં લોકો ગરીબીમાં સબડે છે. ગાઝા સ્ટ્રીપમાં થતાં મોતમાંથી ૧૨ ટકા મોત તો ખરાબ પાણી પીવાના કારણે થાય છે એવો ચોંકાવનારો દાવો પણ કરાયો છે. બીજી તરફ હમાસના નેતા એકદમ લેવિશ લાઈફસ્ટાઈલ જીવે છે. પ્રાઈવેટ જેટ્સમાં ફરે છે, ડિપ્લોમેટિક ક્લબ્સમાં જઈને ગોલ્ફ સહિતની રમતો રમે છે. ગાઝા સ્ટ્રીપનાં લોકોને મોતના મોંમાં ધકેલનારા હમાસના એક પણ નેતા ગાઝા સ્ટ્રીપમાં તો રહેતા નથી પણ કતાર અને તુર્કી જેવા ધનાઢ્ય મુસ્લિમ દેશોમાં રહે છે. ગાઝા સ્ટ્રીપનાં લોકોને મૂળભૂત જરૂરીયાતો મળતી નથી ત્યારે હમાસના નેતા અય્યાશીઓમાં આળોટે છે. ગાઝા સ્ટ્રીપનાં લોકોને પીવાના સ્વચ્છ પાણીનાં ફાંફાં છે ત્યારે હમાસના નેતા ટનલો બનાવી રહ્યા છે કે જેથી માલ-સામાનની દાણચોરી કરી શકાય એવો આક્ષેપ પણ ઈઝરાયલે કર્યો છે.

ગાઝા સ્ટ્રીપમાં ૨૩ લાખ લોકો રહે છે ને તેમાંથી ૪૦ ટકા એટલે કે લગભગ ૧૬ લાખ લોકો બેઘર થઈ ચૂક્યાં છે. સત્તાવાર રીતે અપાતા આંકડા પ્રમાણે જ ઈઝરાયલના હુમલામાં ૧૦,૩૦૦ પેલેસ્ટાઈની મોતને ભેટયા છે જ્યારે ત્રણ હજારની આસપાસ લોકો ઈઝરાયલી બોમ્બમારામાં ખંડેર બની ગયેલી ઈમારતોના કાટમાળ હેઠળ દટાયેલા છે. યુધ્ધ હજુ પત્યું નથી એ જોતાં બીજા કેટલા પેલેસ્ટાઈની મોતને ભેટશે એ નક્કી નથી. ઈઝરાયલના હુમલામાં બચી ગયેલા પેલેસ્ટાઈની રાહત છાવણીઓમાં રહે છે. તેમના માટે પૂરતા પ્રમાણમાં ભોજન નથી કે પાણી નથી ને બીજી તરફ હમાસના નેતા કતાર અને તુર્કીમાં મહેલો જેવાં ઘરોમાં એશોઆરામ ફરમાવી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ચલાવાતી સ્કૂલોમાં બનાવાયેલી રાહત છાવણીઓમાં ઠલવાયેલાં લોકો માટે ટોઈલેટ જેવી પાયાની જરૂરીયાત પૂરતા પ્રમાણમાં નથી ત્યારે હમાસના નેતા બીજા દેશો પાસેથી મળી રહેલી સહાય શસ્ત્રો ખરીદવામાં વાપરી રહ્યા છે અને પોતાનાં ઘર ભરી રહ્યા છે.

# ગુજરાતમાં આ જિલ્લામાં કોરોનાની એન્ટ્રી, આરોગ્ય તંત્ર હરકતમાં

અમદાવાદ : ડબલ સિઝનના કારણે હાલ મોટા ભાગના લોકોને ખાંસી-ઉધરસની તકલીફ થઈ રહી છે. જોકે, જો આ તકલીફ સતત લાંબી ચાલે અને વધારે તકલીફ જણાય તો તાત્કાલિક નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવી. કારણકે, કોરોના પણ ફરી સક્રિય થયો છે. ગુજરાતના વલસાડ જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સાબદું જાગ્યું છે. વલસાડમાં ફરી એકવાર કોરોનાની એન્ટ્રી થઈ છે.

મળતી જાણકારી અનુસાર, વલસાડ સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. નવસારીના રૂમલાના એક દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. દર્દીને સારવાર માટે પ્રથમ વલસાડની કસ્તુરબા હોસ્પિટલ અને ત્યાર બાદ વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યો હતો. વલસાડ સિવિલ હોસ્પિટલમાં પાંચ મહિના બાદ કોરોના પોઝિટિવ દર્દી દાખલ થતા સિવિલ હોસ્પિટલ અને વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું.બીજી તરફ રાજકોટમાં રોગચાળાએ માઝા મૂકી છે, ફરી એકવાર શહેરમાં ઠેર ઠેર ડેન્ગ્યૂથી લઈને ચિકનગુનિયા અને વાયરલ ફિવરના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. ગયા છેલ્લા એક અઠવાડિયાથી રોગચાળાની સ્થિતિમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જેના તંત્રની ઊંઘ ઉડી ગઈ છે. રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એક અઠવાડિયામાં શહેરની સરકારી હૉસ્પિટલોમાં નોંધાયેલા રોગચાળાના આંકડાએ તંત્રને દોડતુ કરી દીધુ છે. તાજા આંકડા પ્રમાણે, શહેરમાં ડેન્ગ્યૂના ના ૯, ચિકનગુનિયાના ૮, શરદી-ઉધરસના ૮૨૨ અને ઝાડા ઉલટીના ૧૮૦ કેસ નોંધાયા છે. છેલ્લા એક અઠવાડિયાથી દર્દીઓના ધસારાને જોતા સરકારીની સાથે સાથે ખાનગી હૉસ્પીટલો પણ ઉભરાઈ રહી છે. ખાસ વાત છે કે, રાજકોટ શહેરની વિસ્તારની સાથે સાથે હવે રોગચાળાની ઝપેટમાં ગ્રામ્ય વિસ્તારો પણ આવી રહ્યાં છે.

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી યુવાનોમાં હાર્ટએટેકથી મોતના કિસ્સા વધી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં રાજ્યમાં હાર્ટ અટેકના કારણે ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. સુરત, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં પણ યુવાઓનું હાર્ટ અટેકના કારણે મોત થયાની ઘટનાઓ વધી છે.

# રાજ્યપાલો-સરકારો વચ્ચે વધતી તકરારો

પંજાબમાં રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત અને મુખ્યમંત્રી ભગવંત માન વચ્ચે વિવાદમાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણી રાજભવનોને ફરીથી અરીસો દેખાડવા સમાન છે. મહારાષ્ટ્ર પ્રકરણમાં સર્વોચ્ચ અદાલત દ્વારા સ્પીકર જ નહીં, રાજ્યપાલના આચરણ પર પણ કરવામાં આવેલ ટિપ્પણીઓ વધારે જૂની નથી. હવે પંજાબમાં મંજૂરી માટે મોકલવામાં આવેલ વિધેયકોને રાજ્યપાલ દ્વારા રોકવા વિરુદ્ધ અરજી પર મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી ત્રણ સદસ્યોની પીઠે ટિપ્પણી કરી છે કે રાજ્યપાલોએ પોતાના અંતરાત્મામાં ઝાંખવાની જરૂર છે. તેમણે ભૂલવું ન જોઈએ કે તેઓ જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિ નથી. એ પણ કે તેઓ ચૂંટાયેલી સરકારો દ્વારા વિધાનસભામાં પસાર વિધેયકોનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પહોંચતાં પહેલાં જ પતાવી દે. પંજાબ સરકારે ૨૮ ઓક્ટોબરે અરજી દાખલ કરી કે રાજ્યપાલ જુલાઈમાં મંજૂરી માટે મોકલવામાં આવેલ સાત વિધેયકોને રોકીને બેઠા છે, જેનાથી કામકાજ પ્રભાવિત થઈ રહ્યું છે. તેમાંથી બે વિધેયકો : પંજાબ જીએસટી (સંશોધન) વિધેયક અને ઈન્ડિયન સ્ટેમ્પ (સંશોધન) વિધેયકને ૧ નવેમ્બરે મંજૂરી આપવામાં આવી. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર અને રાજ્યપાલ વચ્ચે વિવાદ નવો નથી. આ જ વર્ષ માર્ચમાં વિધાનસભા સત્ર બોલાવતી વખતે પણ મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. પંજાબ વિવાદ પર હવે ૧૦ નવેમ્બરે સુનાવણી થશે, પરંતુ આ એ પ્રકારનો એકમાત્ર મામલો નથી. તેલંગણા અને કેરળની સરકારો પણ રાજ્યપાલ દ્વારા વિધેયક રોકવા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ પહોંચી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી બાદ જ તેલંગણાનાં રાજ્યપાલ તમિલિસાઈ સોંદરરાજને પડતર વિધેયકો પર કાર્યવાહી કરી છે. કેરળના રાજ્યપાલ આરિફ મોહંમદ ખાન પર આરોપ છે કે તેઓ આઠ વિધેયકો રોકીને બેઠા છે, જેમાંથી ત્રણ વિધેયક તો બે વર્ષથી પણ જૂના છે. તમિલનાડુમાં પણ મુખ્યમંત્રી સ્ટાલિન અને રાજ્યપાલ આર.એન. રવિ વચ્ચે ટકરાવ વધતો જાય છે. ચૂંટાયેલી સરકારો અને કેન્દ્ર દ્વારા નિયુક્ત રાજ્યપાલો વચ્ચે ટકરાવ કેટલાય સવાલો પેદા કરે છે.


**suvidhaa**

**સુવિધા ઈન્ફોઝર્વ લિમિટેડ**

(CIN : L72900GJ2007PLC109642)

રજીસ્ટર્ડ ઓફિસ : યુનિટ નં. ૦૨, ૨૮મો માળ, ગીફ્ટ - ૨ બિલ્ડીંગ, બ્લોક નં. ૫૬, રોડ - ૫સી, ઝોન - ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫.

કોર્પોરેટ ઓફિસ : ૧૪, ઓલિમ્પસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મહાકાળી કેવસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૩, ટેલી. : +૯૧ ૯૨૨૩૨૫૨૨૨૫; ઈ-મેઈલ આઈડી : cs@suvidhaa.com, વેબસાઈટ :www.suvidhaa.com

**તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર માટે સ્ટેન્ડએલોન અને કોન્સોલિડેટેડ અનઓડિટેડ નાણાંકીય પરિણામનો અર્ક**

(રૂા. મિલિયનમાં)

| ક્રમ નં. | વિગતો | કોન્સોલિડેટેડ | | | | | | સ્ટેન્ડઅલોન | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ક્વાર્ટર સમાપ્ત | | | અર્ધ વર્ષ સમાપ્ત | | વર્ષ પુરુ થયું | ક્વાર્ટર સમાપ્ત | | | અર્ધ વર્ષ સમાપ્ત | | વર્ષ પુરુ થયું |
| | | ૩૦.૦૯.૨૦૨૩ | ૩૦.૦૬.૨૦૨૩ | ૩૦.૦૯.૨૦૨૨ | ૩૦.૦૯.૨૦૨૩ | ૩૦.૦૯.૨૦૨૨ | ૩૧.૦૩.૨૦૨૩ | ૩૦.૦૯.૨૦૨૨ | ૩૧.૦૬.૨૦૨૩ | ૩૦.૦૯.૨૦૨૨ | ૩૦.૦૯.૨૦૨૨ | ૩૦.૦૯.૨૦૨૨ | ૩૧.૦૩.૨૦૨૩ |
| | | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (અન-ઓડિટ) | (ઓડિટ) |
| ૧. | ઓપરેશન્સમાંથી કુલ આવક (નેટ) (આમાં અન્ય આવકનો સમાવેશ થાય છે) | 17.57 | 19.84 | 61.53 | 37.41 | 120.70 | 411.00 | 3.65 | 18.65 | 46.32 | 22.30 | 101.16 | 373.17 |
| ૨. | ગાળાનો ચોખ્ખો નફો / નુકશાન (ઘસારો, વેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ ચીજો પહેલા | -1.75 | -12.20 | 18.38 | -13.95 | 46.41 | 121.29 | -6.60 | -4.75 | 20.44 | -11.35 | 48.10 | 130.99 |
| ૩. | ગાળાનો ચોખ્ખો નફો / નુકશાન (વેરા, અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પહેલા | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -17.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -7.54 |
| ૪. | વેરા પુર્વે ગાળાનો ચોખ્ખો નફો / નુકશાન (અપવાદરૂપ ચીજો અને અસાધારણ ચીજો પછી) | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -17.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -7.54 |
| ૫. | વેરા પછી ગાળાનો ચોખ્ખો નફો / નુકશાન (અપવાદરૂપ ચીજો અને અસાધારણ ચીજો પછી) | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -17.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -7.54 |
| ૬. | ગાળાની કુલ સંયુક્ત આવક (ગાળાના નફો / (નુકશાન) (વેરા પછી) અને અન્ય સંયુક્ત આવક (વેરા પછી) (સહીત) | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -16.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -6.54 |
| ૭. | ઈક્વિટી શેર કેપિટલ (મુળ કિંમત પ્રતિદીઠ રૂા. ૧૦/- ની) | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 |
| ૮. | અનામતો (પુર્ન મુલ્યાંકિત અનામતો સિવાયની) પાછલા વર્ષના ઓડિટેડ સરવૈયામાં દર્શાવ્યા મુજબ | | | | | | 498.10 | | | | | | 1,076.80 |
| ૯. | શેર દીઠ આવક (પ્રતિદિઠ રૂા. ૧૦ ની) (ચાલુ અને બંધ કામકાજો માટે) બેઝીક (વાર્ષિક નથી) | -0.16 | -0.22 | -0.08 | -0.37 | -0.11 | -0.09 | -0.18 | -0.18 | -0.07 | -0.36 | -0.10 | -0.04 |
| | ડાયલ્યુટેડ (વાર્ષિક નથી) | -0.16 | -0.22 | -0.08 | -0.37 | -0.11 | -0.09 | -0.18 | -0.18 | -0.07 | -0.36 | -0.10 | -0.04 |

નોંધ :-

ઉપરોક્ત ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર માટે બિન - ઓડિટેડ નાણાંકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે, તે જ સેબીના નિયમન - ૩૩ સાથે વાંચેલા નિયમન ૪૭ હેઠળ સ્ટોક એક્સચેન્જ માં ફાઈનલ કરવામાં આવ્યો છે. નાણાંકીય પરિણામોની સંપૂર્ણ માહિતી સ્ટોક એક્સચેન્જ(જો) ની વેબસાઈટ એટલે કે : www.bseindia.com and www.nseindia.com અને કંપનીની વેબસાઈટ https://www.suvidhaa.com/financial-results.html ઉપર ઉપલબ્ધ છે.

સુવિધા ઈન્ફોસર્વ લિમીટેડ માટે અને વતી,
સહી,
પ્રશાંત ઠાકર,
એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને સીએફઓ
ડીન : ૦૩૧૭૯૧૧૫

તારીખ : ૧૧.૧૧.૨૦૨૩
સ્થળ : મુંબઈ



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. 25 વર્ષ 2023-24 તારીખ : 08.11.2023 ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-360001. **વેબસાઈટ : www.ireps.gov.in (01) ઈ-ટેન્ડર નં: DRM-RJT-23-E-78 કામનું નામ :** મદદનીશ વિભાગીય ઈજનેર, સુરેન્દ્રનગરના અધિકારક્ષેત્ર હેઠળ સુરેન્દ્રનગર સ્ટેશન, સમ્પ, સ્ટાફ ક્વાટર્સ, લોકો સમ્પ અને સર્વિસ બિલ્ડીંગને 12 મહિના માટે પાણી પુરવઠો લઈ જવો. **એનઆઈટીની અંદાજિત પડતર : ₹ 29,37,914.00 (02) ઈ-ટેન્ડર નં: DRM-RJT-23-E-79 કામનું નામ :** રાજકોટ ડિવિઝનઃ- ખંભાળિયા-ભાતેલ સેક્શન વચ્ચે ઊંખ 882/6-7 પર કઈ નં.235 પર આરસીસી બોક્સ (2 X 5.0 M X$ 4.50 M) અને યૂ-વોલ/એપ્રોચ રોડ આપીને આરયૂબી પ્રદાન કરવું. **એનઆઈટીની અંદાજિત પડતર : ₹ 7,83,59,437.88 (03) ઈ-ટેન્ડર નં: DRM-RJT-23-E-80 કામનું નામ :** રાજકોટ વિભાગઃ - કિમી 884/1-2 પર એલસી નં.236 પર આરસીસી બોક્સ (2 X 5.50 M X 5.50 M) અને યૂ-વોલ એપ્રોચ રોડ પ્રદાન કરીને આરયૂબી પૂરું પાડવું. ખંભાળિયા-ભાતેલ વિભાગ વચ્ચે. **એનઆઈટીની અંદાજિત પડતર : ₹ 8,13,07,624.65 ઉપરોક્ત બધા ટેન્ડરો માટે : ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** 30/11/2023ના 15.00 કલાકે. 107

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**એસએલઆર માટે ઈ-હરાજી**

'લીઝિંગ ઓફ એસએલઆર' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યા છે. કેટલોગ IREPS વેબસાઈટ www.ireps.gov.in. પર પ્રકાશિત કરી દેવામાં આવ્યું છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટ નો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| Leasing-RJT-5-23 | લીઝીંગ | 16613- SLR-F1- RJT-CBE-22-1 | 02 વર્ષ | તમામ લોટ્સ માટે ઇ-હરાજી તા. 20.11.2023 ના રોજ 10.30 કલાકે શરૂ થશે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ નો છે. સફળ લોટ બંધ થવાનો વિરામ 10 મિનિટ નો છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. |
| | | 12268- SLR-R1- HAPA-MMCT-22-2 | | |
| | | 16337- SLR-R1- OKHA-ERS-22-1 | | |
| | | 22960- SLR-F1- JAM-BRC-22-1 | | |
| | | 22969- SLR-F1- OKHA-BSBS-23-1 | | |
| | | 16337- SLR-F1- OKHA-ERS-22-2 | | |
| | | 22717- SLR-F1- RJT-SC-22-1 | | |
| | | 22960- SLR-R1-JAM-BRC-22-1 | | |
| | | 16613- SLR-R1- RJT-CBE-22-1 | | |
| | | 22924- SLR-R1- JAM-BDTS-22-1 | | |
| | | 22908- SLR-R1- HAPA-MAO-23-1 | | |

105

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## 7th Edition of Swachh Talks Webinar Series organised to highlight importance of health and wellness in the sanitation sector

The atmosphere is brimming with excitement and celebration as the festive mood sets in. Diwali is being welcomed with great fervour and delight by all, who have adorned their homes, streets, neighbourhoods, and market places with decorations and lighting. This time of the year also highlights the importance of swachhata, not only in households but also in public areas that witness heavy footfall. The citizens are participating in maintaining cleanliness and hygiene in their surroundings, making the festival even more special and meaningful. The onus also comes on the front-liners, who are conducting special cleanliness drives, managing heavy influx of waste and managing the sanitation and waste sector. Taking forward the journey of Swachhata , the Ministry of Housing and Urban Affairs (MoHUA) launched the Swachh Diwali Shubh Diwali campaign to instil a sense of collective responsibility of celebrating a clean and eco-friendly Diwali, use local products and donate old and unused items in the RRR centres. It also aims to address the health and safety aspect in the sanitation and waste management sector during the festive season The citizens, local bodies, RWAs, Market Associations, SHGs, NGOs, office complexes, schools, institutions should ensure that the street cleaning timings be changed to early mornings when the pollution and the crowd visiting the busy markets and streets is not as much. Misting and water sprinkling activities should be done more often to keep the dust down. Appropriate face masks, protective eye and safety gears should be distributed by the local bodies. As a part of this campaign and a as a run up to the upcoming festival season, MoHUA organized the 7th edition of the Swachh Talks Webinar Series on the theme of 'Health & Wellness in Sanitation & Waste Management Sector'. Chaired by Secretary, MoHUA, Shri Manoj Joshi & JS & MD, SBM-U, Ms. Roopa Mishra, the 7th episode highlighted the importance of health and wellness in the sanitation sector. The session was addressed by Padma Shri Dr. Randeep Guleria, Chairman of Institute of Internal Medicine & Respiratory & Sleep Medicine, Director Medical Education at Medanta. Dr. Guleria suggested on SOPs and protocols to be made for the work force to practice and follow while being exposed to the air pollution. Speaking at the forum, the Padma Shri awardee focused on a need for mitigation action and the need to strengthen the healthcare services. Highlighting the need for immediate measures, Dr. Guleria emphasized curbing the use of firecrackers, occupational health and safety measures like protective eye gears, safety gears, N95 masks, caps, reducing exposure, picking visible waste instead of manual sweeping, pollution abatement for sanitation / outdoor workers. Ms. Bharti Chaturvedi, Founder and Director of Chintan Environmental Research and Action Group, shared the findings of the study 'Unfair Quality- The Impact of Air Pollution on Three Occupation'. She highlighted on the possible health impacts of poor air quality on waste pickers, SafaiMitras and Security Guards and discussed the protocols to follow. Padma Shri Dr. Indira Chakraborty, Public Health Specialist, Scholar& Environmentalist, shared her observations on how critical it is to link WASH to food and health. She emphasized on the pollution that results from street food. She highlighted the need to focus on Garbage Management in Food sector and how it is important to streamline health & hygiene. Speaking on the occasion, Secretary, MoHUA, Shri Manoj Joshi highlighted the need to focus on the SOPs and protocols to be practiced during the alarming air pollution. He mentioned that it is important for the Sanitation workers, especially in the waste management sector to use safety and protective gears.

# Ministers welcome imminent opening of Deakin and Wollongong university campuses in GIFT City

Union Minister for Education and Skill Development, Shri Dharmendra Pradhan held a bilateral meeting with his Australian Counterpart, HE Jason Clare, MP, Education Minister today. Shri Pradhan extended a warm welcome to Australian Minister for Education HE Jason Clare, MP. This is Minister Clare's second visit to India this year. Shri Pradhan said that the frequent meetings are a testament to the growing strength and dynamism of India-Australia knowledge partnership. He expressed his happiness for the steady progress in the areas of mutual recognition of qualifications, establishment of joint working group, joint skill collaborations, collaboration between HEIs for joint degrees, study in India, internationalisation of India's education, visa-related issues for Indian students and research scholars, among others. Both the Ministers comprehensively reviewed the bilateral cooperation in education and skilling and agreed to further strengthen knowledge and skilling partnerships for greater mobility, employability and prosperity of people in both our countries. Shri Pradhan co-chaired the 1st Australia India Education and Skill Council meeting with Australian Ministers HE Jason Clare, MP, Education Minister and HE Brendan O'Connor, Skills & Training Minister in Gandhinagar. The AIESC, earlier the Australian India Education Council (AIEC), is a bi-national body established in 2011 to guide the strategic direction of the education, training and research partnerships between the two countries. The scope of this forum was enhanced in alignment with the national priorities of both countries to bring focus on promoting internationalisation, two-way mobility and collaboration in the domains of education as well as the skill ecosystem. This is for the first time that education and skilling is being brought under the same institutional forum. During the meeting, Shri Pradhan highlighted 2023 as a landmark year for Australia and India, particularly for cooperation in the areas of education and skill development. The inaugural Australia-India Education and Skills Council meeting will act as a catalyst in charting new roadmaps for building stronger knowledge bridges, advancing mutual priorities in education and skill development, boosting people-to-people linkages and establishing the knowledge vertical as one of the strongest pillars of India – Australia ties, he stated. He further said that education and skills as a primary and priority area of our bilateral engagements reflects PM Shri Narendra Modi's and Australian PM, HE Anthony Albanese's commitment to strengthening knowledge bridges. The immensely successful inaugural Australia-India Education and Skills Council meeting has paved the way for 'more cooperation, more collaboration and more mobility' in identified priority areas, he added. He informed that 5 MoUs between Australian and Indian HEIs have been exchanged today to facilitate greater research collaborations in areas like, agriculture, water management, critical minerals, healthcare, AI, renewable energy and climate change. This is going to create more opportunities for advancing educational, research and innovation priorities, student and faculty exchanges, more twining programs/dual degrees, he added. Shri Pradhan further said that focused on outcome-oriented roadmap for the decade, AIESC will be the key for envisioning a brighter future for both Australia and India. He also thanked the Australian Ministers and their team for taking this platform to the next level of engagement where Indian students and skilled workers can explore better and more meaningful avenues for their careers and livelihood. HE Mr. Jason Clare, MP in his address mentioned how the future of the countries will be shaped with the help of meaningful partnership in the areas of education and skilling. He mentioned the 450 existing research partnerships between the two countries. He also commented that collaboration at the governmental, institutional and industry levels will further strengthen the tie-up and benefit both countries. Shri Dharmendra Pradhan and HE Mr. Jason Clare, MP also addressed a joint Press Conference after the completion of the 1st Australia-India Education and Skills Council Meeting (AIECS). Secretary, Higher Education, Ministry of Education, Shri K Sanjay Murthy and Australia's High Commissioner to India, Mr. Philip Green, OAM were also present at the Press conference. The Ministers welcomed the imminent opening of the campuses of University of Wollongong and Deakin University at the Gujarat International Finance Tec-City (GIFT City). Ministers also welcomed ongoing Institutional collaboration in research, between top Indian Institutes like the IITs with top Australian Universities. Both the Ministers reaffirmed their joint commitment to implement qualification recognition arrangements under the Mechanism for the Mutual Recognition of Qualifications and acknowledged the work done by the Australia-India Qualifications Recognition Steering Committee. Regarding research collaborations, Shri Pradhan mentioned that India is working on the Phase III of the Scheme for Promotion of Academic and Research Collaboration (SPARC) Programme and priority areas would include joint projects in critical minerals, rare earths and other mutually agreed priority areas. India has earmarked 2.5 million USD for Joint Research Projects with Australia. Innovative Research Universities consortium campus: The Innovative Research Universities (IRU) is a coalition of 7 public universities across Australia: Flinders University, James Cook University, La Trobe University, Murdoch University, Griffith University, University of Canberra, and Western Sydney University. The objective of the IRU'S MOU is to provide a framework for closer cooperation between parties in strengthening the Australia-India education partnership. Under the MOU, participating members will work together to explore the potential for a consortium approach to in-country delivery of degrees in India and expand in-country access to Australian higher education for Indian students. Deakin University and National Skills Development Corporation (NSDC): In partnership with India's National Skills Development Corporation (NSDC), Deakin University has developed the 'Global Job Readiness Program' (GJRP) to address skills shortages in India. This 30-hour program will be delivered online and aims to upskill 15 million Indians over three years. The GJRP focuses on skills in highest demand among employers. Its mission is to produce a program to address the gap in life and workplace skills that Indian employers regularly point to as a hindrance to business and ensure the program is both affordable and accessible to the majority of India's youth. Deakin University and IIT Gandhinagar: With the establishment of Deakin University's campus at GIFT City, the key objective through the alliance with IIT Gandhinagar is to provide support for a quality higher education and research ecosystem in the local region.The partnership will focus on collaboration on science and innovation, mobility, faculty exchange, and joint doctoral programs. It will also promote collaboration for bilateral funding opportunities and knowledge exchange through joint grant proposals, conferences and workshops. The collaboration with Deakin will provide an opportunity for IIT Gandhinagar students to transfer into higher studies and research at Deakin University both in Australia and at GIFT City. The collaboration will enable Deakin University to broaden its engagement in India through a high-quality partnership.

Monash University and Indian Institute of Technology Hyderabad: This MoU is for collaboration on academic and research activities in the area of critical minerals and other areas of mutual interest. The MoU includes the exchange of academic materials, scholars and students and cooperative seminars, workshops and other academic activities.

5. Monash University and International Center of Excellence in Mining (ICEM): This MoU aims to foster research and innovation collaboration between Monash and iCEM to in support of the mining and mineral development sector in India. A focus will be cooperation in reducing the impact of mining on climate change, increasing its efficiency and on enhancing capabilities in critical minerals and rare earth elements. Later in the day, both the Ministers and other delegates visited the Centre for Creative Learning, IIT Gandhinagar, which is a space that nurtures scientific temper and the inherent creativity in students and teachers. Centre for Creative Learning has added new dimensions to joyous and experiential learning by encouraging creative arts, toy-based activities and DIY techniques as a pedagogy. Igniting the spark of curiosity and creativity CCL is making science and math fun for children.





# Govt. is taking up CBAM issue with EU and WTO: Union Minister Shri Piyush Goyal

Union Minister of Commerce & Industry, Consumer Affairs, Food & Public Distribution, and Textiles, Shri Piyush Goyal said that India is moving towards massive investments in infrastructure to meet the aspirations of its growing population. While addressing the 4th edition of 'ISA Steel Conclave 2023' held in New Delhi today, the Minister acknowledged that steel is vital to achieving this goal, with an aspiration to produce 300 million ones of steel annually by 2030. Addressing concerns about the Carbon Border Adjustment Mechanism (CBAM), Shri Goyal assured that the Indian government has taken up the issue with the European Union and at the World Trade Organization (WTO). He emphasized the importance of fair treatment for Indian producers and exporters and reaffirmed India's commitment to opposing unfair taxes or levies that may harm the steel industry. The Minister further highlighted efforts to secure better Free Trade Agreement access for the steel industry in developed countries and emphasized the importance of intellectual property and value addition in trade agreements. He also recognized the industry's support for the MSME sector in India and urged continued commitment to this segment. The steel industry's role in the construction sector, India's growth, and its influence in helping the nation become self-reliant were highlighted by the Minister. Shri Goyal commended the industry's commitment to quality standards and the need to expand quality control orders to ensure high-quality steel products for consumers. Additionally, the Minister pledged to address concerns related to safeguard duty and other international trade agreements impacting the steel industry. Shri Goyal said that the steel industry in India currently employs approximately two million people, making a substantial contribution to the national GDP. The Minister conveyed his confidence that the steel industry can significantly enhance self-reliance as India strives to meet the increasing demands of the sector. The industry's growth and performance have been remarkable in recent years, with Shri Goyal receiving feedback from major steel producers regarding their plans for capacity expansion and sustainable manufacturing practices. Shri Goyal referenced Prime Minister Narendra Modi's vision, emphasizing that as India moves toward becoming a developed nation, the steel industry will play a pivotal role in strengthening the country's infrastructure. He noted that this recognition of the steel industry's importance is well-placed, especially as India gears up for massive investments in infrastructure. India's per capita steel consumption is expected to rise significantly as the country aspires to fulfill the dreams of its billion-plus citizens. The Minister noted that India aspires to transform from being a net importer of steel to a net exporter, supporting its "One Earth, One Family, One Future" theme. The Production-Linked Incentive (PLI) for specialty steel is one of the steps taken in this direction, promoting the manufacturing of high-quality steel and bolstering India's position in the international market. He recalled pioneering initiatives like steel slag road technology, emphasizing the efficient utilization of waste stream slag in road and highway construction. This practice aligns with the principles of the circular economy. The Minister expressed admiration for the vibrancy of the Indian steel industry, describing it as the bedrock of the country's development. He reflected on the industry's growth journey since its inception, harking back to the first steel town in Jamshedpur. Sharing a personal connection to the steel industry, Shri Goyal conveyed his sense of pride as India now stands as the second-largest steel producer globally, surpassing Japan. He underscored that with the National Steel Policy 2017 and the industry's recent investments, along with abundant iron ore resources and surging domestic and international demand, India is poised to approach the target of producing 300 million ones of steel. The event was marked by discussions on the theme, 'Steel Shaping The Sustainable Future,' underscoring the multifaceted role of the steel industry in India's growth and development. Shri Piyush Goyal lauded the theme, highlighting the pivotal role of steel in building a more sustainable future. He emphasized how steel, as an essential material in construction and manufacturing, can significantly contribute to replacing traditional, polluting industries. In the era of growing environmental concerns, the Minister underlined the importance of sustainable practices, including responsible construction methods that could help mitigate pollution. He said that India's leadership in the G20 presidency this year provided a fitting backdrop to the theme of "One Earth, One Family, One Future." Shri Goyal encouraged further discussions on sustainable practices, reinforcing how steel remains integral to our daily lives, underpinning our infrastructure and economy.


**SUVIDHAA INFOSERVE LIMITED**

(CIN : L72900GJ2007PLC109642)

suvidhaa

**Registered Office :** Unit No. 02, 28th Floor, GIFT-II Building, Block No. 56, Road-5C, Zone-5, Gift City, Gandhinagar-382 355
**Corporate Office :** 14, Olympus Industrial Estate, Off. Mahakali Caves Road, Andheri (East), Mumbai-400 093.
**Tel. No.** + 91 922325225 | **E-mail :** cs@suvidhaa.com | **Website :** www.suvidhaa.com

**Extract of Consolidated and Standalone Un-audited Financial Results for the quarter and half year ended September 30, 2023**

(₹ in million)

| Sr. No. | Particulars | Consolidated | | | | | | Standalone | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | | Half Year ended | | Year Ended | Quarter ended | | | Half Year ended | | Year Ended |
| | | 30.09.2023 | 30.06.2023 | 30.09.2022 | 30.09.2023 | 30.09.2022 | 31.03.2023 | 30.09.2023 | 30.06.2023 | 30.09.2022 | 30.09.2023 | 30.09.2022 | 31.03.2023 |
| | | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1. | Total Income from Operations (net)**(This includes other income) | 17.57 | 19.84 | 61.53 | 37.41 | 120.70 | 411.00 | 3.65 | 18.65 | 46.32 | 22.30 | 101.16 | 373.17 |
| 2. | Net Profit / (Loss) for the period (before Depreciation,Tax, Exceptional and / or Extraordinary items) | -1.75 | -12.20 | 18.38 | -13.95 | 46.41 | 121.29 | -6.60 | -4.75 | 20.44 | -11.35 | 48.10 | 130.99 |
| 3. | Net Profit /(Loss) for the period before Tax (before Exceptional and / or Extraordinary items) | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -17.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -7.54 |
| 4. | Net Profit / (Loss) for period before tax (after Exceptional & / or Extraordinary item) | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -17.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -7.54 |
| 5. | Net Profit / (Loss) for period after tax (after Exceptional & / or Extraordinary items) | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -17.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -7.54 |
| 6. | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | -32.77 | -44.96 | -16.50 | -77.74 | -22.98 | -16.51 | -37.42 | -37.34 | -14.38 | -74.77 | -21.22 | -6.54 |
| 7. | Paid- up Equity Share Capital (Face value of ₹ 10/- each) | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 | 207.45 |
| 8. | Reserve (excluding Revaluation Reserves) as shown in the Audited Balance Sheet of previous year | | | | | | 498.10 | | | | | | 1,076.80 |
| 9.. | Earnings Per Share (Face Value of ₹ 10/- each) (For continuing and discontinued operations) - 1. Basic (Not annualized) : | -0.16 | -0.22 | -0.08 | -0.37 | -0.11 | -0.09 | -0.18 | -0.18 | -0.07 | -0.36 | -0.10 | -0.04 |
| | 2. Diluted (Not Annualized) : | -0.16 | -0.22 | -0.08 | -0.37 | -0.11 | -0.09 | -0.18 | -0.18 | -0.07 | -0.36 | -0.10 | -0.04 |

**Notes:**
The above is an extract of the detailed format of the Un-audited Financial Results (Standalone and Consolidated) for the quarter and half year ended **September 30, 2023,** the same has been filed with the Stock Exchanges under Regulation 47 read with Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full formats are available on the website of the Stock Exchange(s) at **www.bseindia.com** & **www.nseindia.com** and the Company's website at **https://www.suvidhaa.com/financial-results.html**

For and on behalf of **Suvidhaa Infoserve Limited**
sd/-
**Prashant Thakar**
Executive Director & CFO
DIN: 03179115

**Date :** November 11, 2023
**Place:** Mumbai



**WESTERN RAILWAY-RAJKOT DIVISION**

**IMPROVEMENT WORK**

**Tender Notice No. DRM/RJT/E-Tender/EL/TRD/2023-2024/15R Dt.07.11.2023 Address of the office:** Divisional Railway Manager (Electrical/ Traction), Western Railway, Kothi Compound, Rajkot-360001 **Website particulars:** **www.ireps.gov.in Tender No: DRM-RJT-EL-TRD-2023-24-15R (i) Name of work :** Reliability Improvement work of TRD assets in Coastal areas of Rajkot Division. **(ii) Approx. cost :** ₹ 1,50,86,970.82/- **(iii) Earnest Money:** ₹ 2,25,400/- **(iv) Date & Time for Online apply:** On 06.12.2023 up to 15.00 Hours. **104**

Like us on: facebook.com/WesternRly



**WESTERN RAILWAY - RAJKOT DIVISION**

**VARIOUS ENGINEERING WORKS**

**E-Tender Notice No. 25 of 2023-24 date : 08.11.2023 Office Address:** Divisional Railway Manager (Engg.) Western Railway, Kothi Compound, Rajkot, Gujarat-360001 **Website :** **www.ireps.gov.in (01) e-Tender No.: DRM-RJT-23-E-78 Name of Work :** Taking water supply to Surendranagar station, sump, staff quarters, Loco sump and service building at Surendranagar under jurisdiction of Assistant Divisional Engineer, Surendranagar for 12 months. **Approximate NIT Cost :** ₹ 29,37,914.00 **(02) e-Tender No.: DRM-RJT-23-E-79 Name of Work :** Rajkot Division:- Providing RUB by providing RCC Box (2 X 5.0 M X 4.50 M)and U-Wall / Approach Road at LC No.235 at KM 882/6-7 between Khambhaliya- Bhatel Section. **Approximate NIT Cost:** ₹ 7,83,59,437.88 **(03) e-Tender No.: DRM-RJT-23-E-80 Name of Work :** Rajkot Division: - Providing RUB by providing RCC Box (2 X 5.50 M X 5.50 M)and U-Wall / Approach Road at LC No.236 at KM 884/1-2. between Khambhaliya- Bhatel Section. **Approximate NIT Cost:** ₹ 8,13,07,624.65 **For All Tenders : Date & time of Opening of tender :** 30/11/2023, 15.00 Hrs. **107**

Like us on: facebook.com/WesternRly



**WESTERN RAILWAY-RAJKOT DIVISION**

**E-AUCTION FOR LEASING OF SLR**

e-Auction for the contract of 'Leasing of SLR' has been invited. The catalogues have already been published on IREPS website : **www.ireps.gov.in**. The details are furnished as under -

| Catalogue No. | Type of Contract | Lot No. | Contract Period | Date & Time of e-Auction |
|---|---|---|---|---|
| Leasing-RJT-6-23 | Leasing | 22937- SLR-R1-RJT-REWA-23- 1 | 02 Years | e-Auction for all Lots will start at **11:00** hours on **21.11.2023. Initial Cooling Off Period is 30 minutes. Successive Lot Closing Interval is 10 minutes. Lot-wise Closing Time can be viewed in e-Auction module of IREPS.** |
| | | 22937- SLR-F1- RJT-REWA-23-1 | | |

**106**

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly